PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨- ૨૫૫૩૩૩ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૮૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં.: ફરી/સીજીઆરએફ/ હુકમ/૨૦૧૭/ ૫-૫૪ તારીખ: 28/11/17
રજી. એ. ડી .દ્વારા

પ્રતિ શ્રી,
સર્વોદય એસોસીએશન,
C/o. ગોહિલ કિશોરસિંહ,
જી એફ ઇ ૪૧૧ – ૩ એ,
આદીપુર – કચ્છ.

**Mobile Number :- 9825428504**

વિષય:- અન્યના વીજ બીલની બાકી નીકળતી રકમ અમારામાં ન જોડવા બાબત અંગે.

સદર્ભ:- (૧) આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૮/૨૦૧૭-૧૮.

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખ:- ૧૭/૧૧/૨૦૧૭ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(એસ. એન વઢાનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
પીજીવીસીએલ સર્કલ ઓફિસ ભુજ.

બિડાણ–ઉપર મુજબ
નકલ સાદર રવાના:–
૧. શ્રી એ. એમ. હેબાર
ચેરમેનશ્રી સી. જી. આર. એફ, ભુજ.
બ્લોક નં. એ. એ. – ૧૦ ઓસ્કાર સોસાયટી, નાણાવટી ચાર રસ્તા
રૈયા સર્કલ, રાજકોટ– ૩૬૦૦૦૫.

૨. શ્રીમતી નીતીનાબેન હરીપ્રસાદ જોષી, સ્વતંત્ર સભ્ય,
૧૦ /૧૧૬ લક્ષ્મી પાર્ક, લક્ષ્મી વાડી, પૂજારા પ્લોટ મેઇન રોડ,
કુવાવાલી ખોડીયાર મંદીર સામે, રાજકોટ–૩૬૦૦૦૨.

૩ શ્રી પી. સી. અઢીઆ ટેકનીકલ મેમ્બરશ્રી, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ભુજ.
અને વિશેષ મુખ્ય ઇજનેર (ટેક)પીજીવીસીએલ કોર્પોરેટ ઓફીસ રાજકોટ.

૪. શ્રી અધિક્ષક ઇજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

૫. કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગાંધીધામ

૬. નાયબ ઇજનેર પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી – આદીપુર



Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

* કેસ નં - પીજી ૦૩-૦૦૮-૨૦૧૭-૧૮
* નોંધણી તારીખ:- ૧૭-૧૦-૨૦૧૭
* નિર્ણયની તારીખ:- ૧૭-૧૧-૨૦૧૭

અરજદાર :- સૂર્યોદય એસોસિયેશન c/o કિશોરસિંહ ગોહિલ
અરજદાર વતી રજુઆત કરનાર :- અરજદાર હાજર રહેલ નથી.

## વિરુધ્ધ

સામાવાળા :- કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ગાંધીધામ.
સામાવાળા વતી રજુઆત કરનાર :- શ્રી એચ.બી.રાખોલીયા, કાર્યપાલક ઈજનેર, ગાંધીધામ વિભાગીય કચેરી.

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે સુનાવણી તા.૧૭/૧૧/૨૦૧૭ના રોજ ગાંધીધામ મધ્યે રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા.૧૭/૧૧/૨૦૧૭ના રોજ ગાંધીધામ મધ્યે ફોરમની બેઠકમાં સૂર્યોદય એસોસિયેશન c/o કિશોરસિંહ ગોહિલ કે તેમના કોઈ અધિકૃત પ્રતિનિધિ હાજર રહેલ નથી, કારણકે ફરિયાદીની ફરિયાદનું સમાધાન થવાથી તેમણે આ ફરિયાદ પાછી ખેંચેલ હોઈ અરજદારશ્રી હાજર રહેલ નથી.

Scanned by CamScanner

# પીજીવીસીએલની રજુઆત

(૨) આજરોજ તા.૧૭/૧૧/૨૦૧૭ના રોજ ગાંધીધામ મધ્યે ફોરમની બેઠકમાં શ્રી એચ.બી.રાખોલીયા, કાર્યપાલક ઈજનેર, ગાંધીધામ વિભાગીય કચેરી પોતે હાજર છે અને એમની એવી રજૂઆત છે કે; સદર ફરિયાદીનો વ્યવસાય બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનનો હોઈ એક સાથે ઘણાં મકાનો બનાવીને વેંચવાનો છે. આથી તેમના નામે જ બધા કનેક્શનો તેઓ લે છે. સદર ફરિયાદીવાળું કનેક્શન ગ્રા.નં.૩૮૪૦૧/૦૭૯૭૯/૯ ઘરવપરાશના હેતુનું છે. સદર કનેક્શનના વીજબીલ માહે- જૂન-જુલાઈ-૨૦૧૪ અંકે રૂ.૬,૧૫૬/-(અંકે રૂપિઆ છ હજાર એકસો છપ્પન પૂરા) આ રકમ જે-તે સમયે તેના અગાઉનાં 'X' પીડીસી થયેલ જેની આ રકમ ભરપાઈ થયેલ ન હોઈ, જેના ગ્રાહક નં. ૩૮૪૦૧/૦૭૯૯૯/3 સદર હયાત કનેક્શનનો ગ્રાહક નં. ૩૮૪૦૧/૦૭૯૭૯/૯ કંપનીના નિયમાનુસાર જૂના એરીયર્સની રીકવરી કરવાના હેતુથી ટ્રાન્સફર કરવામાં આવેલ છે. (એક જ ગ્રાહક હોવાથી) પરંતુ જે-તે સમયમાં આ કનેક્શનના કબ્જેદાર જેનાં કનેક્શન નં.૩૮૪૦૧/૦૭૯૭૯/૯ પોતાનું એરીયર્સ ન હોય તેઓ ફક્ત રેગ્યુલર બીલ જ ભરતા. એરીયર્સની રકમ ન ભરતા.

સદર બાબતે એરીયર્સની રેગ્યુલર તેને આપવામાં આવતા વીજબીલમાં જતી હોવાથી ગ્રાહકે સ્થાનિક અમારી કચેરીનો સંપર્ક સાધેલ અને જણાવેલ કે આ રકમ અમે કરેલ નથી. તેથી હવેથી આ રકમ અમારા વીજબીલમાં  ન આવે તેવી વ્યવસ્થા કરવા વિનંતી. આથી વીજકંપનીની વિભાગીય કચેરીના સ્તરે આ મુદ્દાને ધ્યાને લેતાં તેની ઉંડી તપાસ કરતાં ધ્યાનમાં આવેલ એરીયર્સ ટ્રાન્સફર કરવાનું મુખ્ય કારણ એક્સ પીડીસી થયેલ સદર વીજ કનેક્શન શ્રી ગોહિલ કિશોરસિંહનું હતું. ત્યારબાદ ફરિયાદી ગ્રાહકનો સંપર્ક રૂબરૂ કરી તેને આ બાબતની સમજ આપેલ છે કે આ તમારા બીજા વીજ કનેક્શન કે જેના ગ્રાહક નં. ૩૮૪૦૧/૦૭૯૯૯/3 છે. જેની રકમ જે હાલના કબ્જેદાર હયાત કનેક્શન ગ્રાહક નં. ૩૮૪૦૧/૦૭૯૭૯/૯ ભરવા તૈયાર નથી. કારણકે તેઓનું કહેવું છે કે તેઓએ આ વીજ વપરાશ કરેલ નથી. આથી ફરિયાદીશ્રી ગોહિલ કિશોરસિંહની સાથે રૂબરૂમાં ચર્ચા થયા મુજબ હયાત કનેક્શનની સોસાયટીમાં આવેલ મીટર કે જેના ગ્રાહક નં. ૩૮૪૦૧/૦૭૭૧૫/૦માં ટ્રાન્સફર કરેલ છે. તા. ૦૩/૧૧/૨૦૧૭ આઈ.ડી.નં. ૫૩૧૭૬૮૦.આ રીકવરી હવે પછીના બીલમાં કરવામાં આવશે તે અંગેનું બાહેંધરીપત્રક લઈ લેવામાં આવશે. આમ, ફરિયાદીની ફરિયાદનું સુખદ નિવારણ કરવામાં આવેલ છે. જેની પુરશીશ નકલ આ સાથે સામેલ છે.

## નિષ્કર્ષ

(3) બન્ને પક્ષકારોની લેખિત તેમજ મૌખિક રજૂઆતોને ફાઈલમાં પડેલ પુરાવાઓને ધ્યાને લેતાં ફરિયાદીની મુખ્યત્વે ફરિયાદ તેમના હયાત રહેણાંકના હેતુ માટેના વીજજોડાણ ગ્રા.નં.૩૮૪૦૧/૦૭૯૭૯/૯માં તેઓએ જે વીજવપરાશ કરેલ નથી. તેની રકમ અંકે રૂ.૬,૧૫૬(અંકે રૂપિયા છ હજાર એકસો છપ્પન પૂરા) ખોટી રીતે અમારા બીલમાં ચડાવવામાં આવેલ છે. જે ભરવાપાત્ર ન હોઈ અમારા બીલમાંથી રદ કરવા બાબતની

Scanned by CamScanner

છે. પીજીવીસીએલની રજૂઆત મુજબ સદર ફરિયાદી બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનનું કામ કરતા હોઈ તેમના નામે તેઓ તમામ વીજજોડાણ લે છે. સદર ફરિયાદીનું એક્સ પીડીસી થયેલ વીજ કનેક્શન જેના ગ્રાહક નં. ૩૮૪૦૧/૦૭૯૯૯/૩નું સદર વીજલેણું રૂ.૬,૧૫૬(અંકે રૂપિયા છ હજાર એકસો છપ્પન પૂરા) બાકી હોઈ કંપનીના નિયમાનુસાર તેના આ હયાત વીજકનેક્શન ગ્રા.નં.૩૮૪૦૧/૦૭૯૭૯/૯માં રીકવરીના હેતુથી કંપનીના નિયમાનુસાર ચડાવવામાં આવેલ હતું. સદર હયાત કનેક્શનના હાલના કબ્જેદાર સદર લેણાની રકમ રૂ.૬,૧૫૬(અંકે રૂપિયા છ હજાર એકસો છપ્પન પૂરા) ભરવાનો ઈન્કાર કરતાં ફરિયાદીશ્રી ગોહિલ કિશોરસિંહને સ્થાનિક કચેરી ગાંધીધામ ખાતે રૂબરૂ બોલાવીને આ એરીયર્સની રકમ રીકવરીને પાત્ર હોઈ, ગ્રાહક પાસેથી વસૂલવી જરૂરી હોઈ વસૂલવા બાબતે ફરિયાદી સાથે રૂબરૂમાં ચર્ચા થયા મુજબ સદર એરીયર્સની રકમ તેઓના હયાત કોમન હેતુ માટેનું જે વીજકનેક્શન ગ્રાહક નં. ૩૮૪૦૧/૦૭૯૭૯/૯માં ટ્રાન્સફર કરવાનું જણાવતાં આ રકમ તા.૦૩/૧૧/૨૦૧૭ના રોજ સદર કોમન મીટરના વીજ કનેક્શનમાં ચડાવવામાં આવેલ છે. જે હવે પછીના કોમન વીજમીટરનાં વીજબીલ સાથે રીકવરી કરવા માટેનું બાહેંધરી પત્રક ફરિયાદી સાથે રૂબરૂમાં થયેલ સમાધાન મુજબ લેવામાં આવેલ છે. આમ સદર ફરિયાદનું સુખદ નિરાકરણ વીજકંપનીની સ્થાનિક ગાંધીધામ કચેરીએથી થતાં અરજદાર ફરિયાદીને કોઈ ફરિયાદ રહેતી ન હોઈ ફરિયાદીની ફરિયાદ અરજી દફતરે કરવાપાત્ર છે. તેથી ફરિયાદીની ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

## હુકમ

(૪) ફરિયાદીની ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

સ્થળ : ગાંધીધામ-કચ્છ
તારીખ : ૧૭-૧૧-૨૦૧૭

(એન.એચ.જોષી)
સ્વતંત્ર સભ્યશ્રી
સીજીઆરએફ,
પીજીવીસીએલ,ભુજ.

(એ.એમ.ઢેબર)
પ્રમુખશ્રી
સીજીઆરએફ,
પીજીવીસીએલ,ભુજ.

Scanned by CamScanner